# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### વિપક્ષ સભ્યનો ભારે હોબાળો | પ્રજાના પ્રશ્નો પડતા મૂકી શાસકોએ મુજબ ૧૦ જ મિનિટમાં ખેલ ખતમ કર્યો !

# નડિયાદ મનપાની પ્રથમ સભા પણ 'સ્ક્રિપ્ટેડ' રહી!

**૫૧ કોર્પોરેટરો છતાં** ટેક્સ રિબેટ માટે ધારાસભ્યએ પત્ર લખવો પડ્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૩૦

નડિયાદ નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બન્યા બાદ શહેરના વિકાસ માટે જે પ્રથમ સામાન્ય સભા પાસેથી મોટી અપેક્ષાઓ હતી, તે શાસક પક્ષની અણઆવડત અને જોહુકમીના કારણે માત્ર એક ઔપચારિકતા બનીને રહી ગઈ છે. ભારે ગાજવીજ સાથે શરૂ થયેલી આ ઐતિહાસિક સભામાં લોકહિતના પ્રશ્નો પર ચર્ચા કરવાને બદલે પૂર્વઆયોજિત સ્ક્રિપ્ટ મુજબ માત્ર ૧૦ જ મિનિટમાં એજન્ડાના કામો આટોપી લેવામાં આવતા પ્રજામાં ભારે નિરાશા વ્યાપી છે.

આ સભાની શરૂઆતથી જ મેયર કાગળ પર લખેલી સ્ક્રિપ્ટ વાંચતા હોય તેવો ઘાટ સર્જાયો હતો. શહેરના વહીવટ કે આયોજન અંગે કોઈ મૌલિક વિઝન દર્શાવવાને બદલે હોદ્દેદારોએ માત્ર કાગળ પરનું લખાણ વાંચી બોર્ડ પૂરું જાહેર કરી દીધું હતું. આ દરમિયાન વિપક્ષી સભ્ય હાર્દિક ભટ્ટ દ્વારા લોકપ્રશ્નો અંગે લેખિત રજૂઆત કરવા છતાં મેયર કે ડેપ્યુટી કમિશનરે તે સ્વીકારવાની સૌજન્યતા પણ દાખવી નહોતી અને સભા છોડીને



ચાલતી પકડી હતી.

સામાન્ય સભામાં પ્રજાના કરોડોના કામોની સમીક્ષા કરવાને બદલે સભ્યો નાસ્તા પર તૂટી પડ્યા હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. આ સભામાં હાજર સભ્યો ૬૫ રૂપિયાની કિંમતના ૧૩૦ જેટલા ગરમાગરમ સમોસા ઝાપટી ગયા હતા. ખાણીપીણીની લ્હાયમાં પવિત્ર ગણાતી સભાને માત્ર ૧૦ મિનિટમાં સકેલી લેવામાં આવી, જે જનપ્રતિનિધિઓની ગંભીરતા સામે સવાલો ઉભા કરે છે.



### ટીપી રોડના મુદ્દે પણ ચર્ચા વગર મંજૂરીની મહોર

કોર્પોરેટર હિરેન દેસાઈ દ્વારા શહેરના ટીપી સ્કીમના રસ્તાઓનો મહત્વનો મુદ્દો રજૂ કરાયો હતો. જોકે, શહેરીજનોની હાલાકી અંગે ગંભીરતા દાખવવાને બદલે શાસક પક્ષે કોઈપણ ચર્ચા વગર જ આ મુદ્દાને ધ્વનિમતથી મંજૂર કરી દીધો હતો. વિકાસના કામોમાં શાસકોની આ ઉતાવળ ચર્ચાસ્પદ બની છે.

### ધારાસભ્યના પત્રથી ટેક્સ રિબેટ મળી !

નડિયાદ મનપામાં સત્તાધારી પક્ષના ૫૧ સભ્યો ચૂંટાયા છે, પરંતુ પ્રજાલક્ષી નિર્ણયો લેવામાં તેમની નિષ્ક્રિયતા છતી થઈ છે. ટેક્સ રિબેટનો લાભ ૧૫ દિવસ વધારવા માટે છેક ધારાસભ્યએ લેખિત પત્ર લખવો પડ્યો હતો, જે રજૂઆતને આધારે નિર્ણય લેવાયો હતો. આ ઘટના ૫૧ કોર્પોરેટરોની નબળી કામગીરી અને શાસકોની 'સ્ક્રિપ્ટેડ' કાર્યપદ્ધતિની ચાડી ખાય છે.

### હોદ્દેદારોની વહીવટી ક્ષમતા સામે પ્રશ્નાર્થ

મહાનગરપાલિકાના મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જૂની નગરપાલિકાની પદ્ધતિથી જ વહીવટ ચલાવતા હોય તેમ જણાયું હતું. એજન્ડાના ૫ મહત્વના મુદ્દાઓ પર કોઈ ચિંતન વગર બહુમતીના જોરે મંજૂરી મેળવી લેવાઈ હતી. આશ્ચર્યની વાત તો એ હતી કે ૫૧ માંથી માંડ ૧૦ સભ્યોએ જ 'મંજૂર છે' તેમ કહી ધ્વનિમત આપ્યો હતો, બાકીના સભ્યોને કદાચ પક્ષ તરફથી કોઈ સૂચના જ મળી નહોતી. આ ઘટનાએ નવી ચૂંટાયેલી પાંખની નિર્ણય શક્તિ અને આવડત સામે મોટા સવાલો ખડા કર્યા છે.

### પશુ ચિકિત્સા અને વાછરડી ઉછેર કેન્દ્રથી પશુપાલકોની આવકમાં થશે વધારો

# વીરપુરમાં અમૂલ ડેરી દ્વારા અત્યાધુનિક પશુપાલન સંકુલનું ભૂમિપૂજન કરાયું

**પશુપાલકોને રૂ. ૨૫માં** મળશે સેક્સ સીમન ડોઝ અપાશે

(પ્રતિનિધિ) વીરપુર તા.૩૦

આણંદની અમૂલ ડેરી દ્વારા મહીસાગર જિલ્લાના વીરપુર ખાતે પશુપાલકોને વધુ સશક્ત બનાવવા અને પશુ આરોગ્ય સેવાઓને સુદ્રઢ કરવાના હેતુથી નૂતન સંકુલનું ભવ્ય ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. અમૂલ ડેરીના ચેરમેન શાભેસિંહ પરમારના વરદ હસ્તે આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. આ પ્રસંગે બાલાસિનોરના ધારાસભ્ય માનસિંહ ચૌહાણ, પ્રદેશ મંત્રી મુક્તાબેન જોશી, રાજેશ પાઠક સહિત અનેક મહાનુભાવો અને મોટી સંખ્યામાં પશુપાલકો હાજર રહ્યા હતા.

આ કેન્દ્રમાં ૩૦૦ વાછરડીઓની ક્ષમતા ધરાવતું ઉછેર કેન્દ્ર, ૨૦૦ તાલીમાર્થીઓ માટે તાલીમ કેન્દ્ર, અને ૧૬ પશુચિકિત્સકો માટે રહેણાંક સુવિધા ઉભી કરવામાં આવશે. અહીં એમ્બ્રિયો ટ્રાન્સફર અને બ્રીડિંગ કાર્યક્રમો દ્વારા ભવિષ્યમાં પ્રતિદિન ૪૫ લિટર સુધી દૂધ આપતી ગાયો તૈયાર કરવાનો લક્ષ્યાંક છે. આ પ્રોજેક્ટથી મહીસાગર જિલ્લાના ૧૨ બ્લોકના દૂધ ઉત્પાદકોને સીધો લાભ મળશે. આ પ્રસંગે વીરપુર સંગઠનના પ્રમુખ કિરીટભાઈ પટેલ, મેનેજિંગ ડિરેક્ટર તથા કર્મચારી ગણ હાજર રહ્યાં હતાં.



### પ્રોજેક્ટની મુખ્ય વિશેષતાઓ અને લાભ

- **કિંમતમાં રાહત:** પશુપાલકોને માત્ર રૂ. ૨૫માં સેક્સ સીમન ડોઝ ઉપલબ્ધ કરાવાશે.
- **રોજગારી:** દર વર્ષે સ્થાનિક ખેડૂતો પાસેથી આશરે ૭૦૦ ટન પશુચારો ખરીદવામાં આવશે, જેથી નવી રોજગારી ઊભી થશે.
- **સરળ ધિરાણ:** પશુ ખરીદી માટે સરળ લોન અને હપ્તાની વસૂલાત સીધી દૂધના બિલમાંથી કરવાની સુવિધા મળશે.
- **આધુનિક ટેકનોલોજી:** ગોબરમાંથી બાયોગેસ પ્લાન્ટ અને રોગ નિદાન માટે અત્યાધુનિક વેટરનરી સેન્ટરની સુવિધા મળશે.

### વિદ્યાનગરના ફ્લેટની લિફ્ટમાં આગ લાગી

(પ્રતિનિધિ) આણંદ તા.૩૦

વિદ્યાનગરના મોટા બજાર વિસ્તારમાં આવેલી સિદ્ધિ રેસિડેન્સીમાં મંગળવાર બપોરે એકાએક લિફ્ટમાં આગ લાગવાની ઘટના બની હતી. આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના કંટ્રોલ રૂમમાં કોલ મળતા જ ફાયર ફાઈટરોની ટીમ કાર્યરત થઈ હતી. મહેશ્વરી પેલેસ પાસે આવેલી આ રેસિડેન્સીમાં આકસ્મિક કારણોસર લિફ્ટમાં આગ ફાટી નીકળી હતી. ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચના મુજબ ટીમ મીની ફાયર ફાઈટર સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ફાયર ટીમે સતત પાણીનો મારો ચલાવી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

# ઉમરેઠમાં ગીરો મૂકવાના બહાને ૩.૫૦ લાખનું ટ્રેક્ટર પડાવી લેવાયું

**ધુળેટાના શખ્સે** ૧.૬૦ લાખની લોન અપાવવાની લાલચ આપી વિશ્વાસઘાત કર્યો

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.૩૦

ઉમરેઠ તાલુકાના સુંદલપુરા ગામના એક ખેડૂતને પૈસાની જરૂર હોવાથી પોતાનું ટ્રેક્ટર ગીરો મૂકવું ભારે પડ્યું છે. ગીરો અપાવવાની દલાલી કરતા એક શખ્સે ખેડૂત પાસેથી ૩.૫૦ લાખની કિંમતનું ટ્રેક્ટર મેળવી લીધા બાદ નાણાં ન આપી વિશ્વાસઘાત આચર્યો હોવાની ફરિયાદ ઉમરેઠ પોલીસ મથકે નોંધાઈ છે.

સુંદલપુરા ગામમાં રહેતા અને ખેતીકામ કરતા વિનયકુમાર રમેશભાઈ ઝાલાએ વર્ષ ૨૦૨૧માં સોનાલીકા કંપનીનું ટ્રેક્ટર લોન પર ખરીદ્યું હતું. આર્થિક જરૂરિયાત ઊભી થતા તેમણે ટ્રેક્ટર ગીરો મૂકવા માટે ધુળેટા ગામના દલાલ ઈમરાન મુસ્તુફા પઠાણનો સંપર્ક કર્યો હતો. ઈમરાને રૂ. ૧૦ હજાર દલાલી નક્કી કરી ટ્રેક્ટર પર રૂ. ૧.૬૦ લાખ ગીરો અપાવવાનો વિશ્વાસ આપ્યો હતો. દરમિયાનમાં ૦૫મી ડિસેમ્બર,૨૦૨૫ના રોજ ઈમરાનના કહેવાથી વિનયકુમારે ટ્રેક્ટર સાવલી મોકલ્યું હતું. ત્યાંથી ઈમરાનખાન ટ્રેક્ટરને હાલોલ અને ત્યારબાદ બોડેલી લઈ ગયો હતો, જ્યાં અન્ય વ્યક્તિઓને ટ્રેક્ટર સોંપી દેવામાં આવ્યું હતું. તે જ રાત્રે ઈમરાને બીજા દિવસે નાણાં મળી જશે તેમ કહ્યું હતું, પરંતુ ત્યારબાદ "રૂપિયા ચેકથી જમા થયા છે" તેવા ખોટા વાયદા કરી પોતાનો ફોન બંધ કરી દીધો હતો. લાંબા સમય સુધી ટ્રેક્ટર કે ગીરોની રકમ પરત ન મળતા આખરે ખેડૂતે ઈમરાનખાન વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે.

# પેટલાદમાં અસહ્ય બફારા બાદ વરસાદી ઝાપટાંથી ઠંડક પ્રસરી

**મુખ્ય માર્ગો અને** નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં

(પ્રતિનિધિ) પેટલાદ તા.૩૦

પેટલાદ શહેરમાં મંગળવાર બપોરના સમયે અચાનક આવેલા વરસાદી ઝાપટાંએ નાગરિકોને ગરમી અને બફારામાંથી મુક્તિ અપાવી છે. જોકે, અડધા કલાકના આ વરસાદે શહેરના રાજમાર્ગો અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરી દીધાં હતાં.

પેટલાદમાં મંગળવાર બપોરે આશરે ૧૨:૦૦ વાગ્યાના સુમારે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી ગરમી અને અસહ્ય બફારાથી ત્રસ્ત લોકોએ આ



વરસાદને પગલે ઠંડકનો અનુભવ કર્યો હતો. આશરે અડધો કલાક ચાલેલા વરસાદ દરમિયાન બે-ત્રણ જોરદાર ઝાપટાં પડતાં શહેરના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

પેટલાદના મુખ્ય અને ભરચક વિસ્તારો જેવા કે સાંઈનાથ રોડ, આઈકોનીક રોડ, કોલેજ ચોકડી, ચાવડી બજાર, સરદાર ચોક અને એસટી સ્ટેન્ડમાં વરસાદી પાણી ભરાઈ જવાથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ઉલ્લેખનીય છે કે, આ વર્ષે વરસાદનું આગમન સમય કરતાં થોડું મોડું થયું હોવા છતાં, મેઘરાજાની પધરામણી થતાં નગરજનોએ હાશકારો અનુભવ્યો છે.

### રિક્ષામાં મુસાફરોની નજર ચુકવી ચોરી કરતા બે પકડાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.૩૦

આણંદ પોસ્ટ ઓફિસ પાસે 20 જૂનના રોજ પેસેન્જરના સ્વાંગમાં બેઠેલા બે ગઠિયાએ એક વ્યક્તિની નજર ચુકવી નાણાંની ચોરી કરી હતી. આ મામલે તપાસ કરી રહેલી ટાઉન પોલીસની સર્વેલન્સ સ્કોડે સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોની મદદથી શાહરુખ ઉર્ફે એમ.ડી. આબાદમીયા મલેક અને મોહસીન ઉર્ફે લોટી મહંમદભાઈ વ્હોરા (બંને રહે. પેટલાદ)ને દબોચી લીધા હતા. આ પકડાયેલા શખસો પૈકી શાહરુખ ઉર્ફે એમ.ડી. મલેક આણંદ, પેટલાદ, તારાપુર અને નડીયાદમાં 8 જેટલા ગુનાઓમાં સંડોવાયેલો રીઢો ગુનેગાર છે. જ્યારે મોહસીન પણ અગાઉ નડીયાદમાં ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. પોલીસે ચોરીની રકમ 10 હજાર રિકવર કરી કાર્યવાહી હાથ ધરી છે.

### 'ચારુસેટ'ના વૈજ્ઞાનિક ડો. રીતુ વાર્શ્નેયને 65 લાખની રિસર્ચ ગ્રાન્ટ અપાશે


# અલ્ઝાઈમરને નાથવા કોષો પર સંશોધન કરાશે

**આઈઆઈટી અને** ગુજરાત સરકારના સહયોગથી કોષોની 'કુદરતી સફાઈ' પર સંશોધન થશે

(પ્રતિનિધિ) આણંદ તા.૩૦

બાયોમેડિકલ રિસર્ચ ક્ષેત્રે ગુજરાતની ચારુસેટ યુનિવર્સિટીએ રાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર સફળતા મેળવી છે. યુનિવર્સિટી સંલગ્ન પી.ડી. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાઈડ સાયન્સિસના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. રીતુ વાર્શ્નેયને અલ્ઝાઈમર, ડાયાબિટીસ અને પાર્કિન્સન જેવા ગંભીર રોગોના અભ્યાસ માટે ભારત અને ગુજરાત સરકાર તરફથી કુલ 65 લાખથી વધુની બે પ્રતિષ્ઠિત રિસર્ચ ગ્રાન્ટ પ્રાપ્ત થઈ છે.

આ સંશોધનનો મુખ્ય એંગલ શરીરની કુદરતી કોષીય સફાઈ પ્રક્રિયા, જેને 'ઓટોફેજી' કહેવામાં આવે છે, તેના પર કેન્દ્રિત છે. જ્યારે આ પ્રક્રિયામાં ખામી સર્જાય છે, ત્યારે અલ્ઝાઈમર અને કેન્સર જેવા રોગો વકરે છે. ડો. વાર્શ્નેય આ પ્રોજેક્ટ હેઠળ અદ્યતન માનવ કોષીય મોડેલ્સ વિકસાવશે, જે ભવિષ્યમાં નવી દવાઓના વિકાસમાં સીમાચિહ્નરૂપ સાબિત



થઈ શકે છે.

આઈઆઈટી ગાંધીનગર અને રૂરકી સાથે જોડાણ આ અભિયાન માત્ર ચારુસેટ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તેમાં IIT રૂરકી અને IIT ગાંધીનગર જેવા દેશના અગ્રણી સંસ્થાનો પણ સહભાગી છે. ખાસ કરીને અલ્ઝાઈમર રોગ માટે જવાબદાર મગજના પ્રોટીનમાં થતા હાનિકારક ફેરફારોને રોકવા માટે 'નેનોબોડી' જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. ભારતની વધતી જતી વૃદ્ધ વસતિમાં અલ્ઝાઈમર એક ગંભીર પડકાર છે, આ 'આત્મનિર્ભર ભારત' વિઝન હેઠળનું સંશોધન ભારતીય પરિસ્થિતિને અનુરૂપ સસ્તા અને અસરકારક આરોગ્યલક્ષી ઉકેલો આપવા માટે સજ્જ છે.

ડો. રીતુ વાર્શ્નેયના જણાવ્યા અનુસાર, તેમનો હેતુ જટિલ રોગોની સારવાર પ્રક્રિયાને ગતિ આપતા ઈનોવેટીવ ટુલ્સ વિકસાવવાનો છે.